નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત  સાફલ્યગાથા

તા. ૨૪/૦૬/૨૦૨૪  થી ૩૦/૦૬/૨૦૨૪

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
|---|---|
| નવસારી જીલ્લાના તેમજ સરુત શહેર ખાતે થયેલ મોબાઈલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી એક આરોપીને ચોરીના ૨૧ મોબાઈલ ફોન કિમંત રૂપિયા ૧,૯૦,૫૦૦/- ના મુદામાલ સાથે ઝડપી પાડતી એસ.ઓ.જી નવસારી |  |
| પોલીસ જાપ્તામાંથી ફરાર થતાં કેદીઓ બાબતે પોલીસ અધિકારી/ કર્મચારીઓએ જરૂરી તકેદારી રાખવા બાબતે નવસારી જીલ્લાના પોલીસ અધિકારી/કર્મચારીઓને તાલીમનું આયોજન કરવામાં આવેલ. |  |
| ઘરફોડ ચોરીના આરોપીને રૂપિયા ૧,૨૦,૦૦૦ના મુદ્દામાલ સાથે ગણતરીના સમયમાં ઝડપી પાડી ઘરફોડ ચોરીનો વણ શોધાયેલ ગુનો શોધી કાઢતી વાંસદા પોલીસ ટીમ |  |
| ભારત સરકારશ્રી દ્વારા રજુ કરવામાં આવેલ નવા ત્રણ ફોજદારી કાયદા (૧) ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ (BNS-2023) (૨) ભારતીય નાગરિક સંહિતા-૨૦૨૩ (BNSS-2023) (3) ભારતીય સાક્ષ્ય અધિનિયમ-૨૦૨૩ (BSA-2023) તા. ૦૧.૦૭.૨૦૨૪ થી સમગ્ર ભારત દેશમાં અમલમાં આવનાર છે. ઉપરોકત નવા ત્રણ કાયદાના અમલીકરણ કરવા માટે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજયનાઓ દ્વારા સમગ્ર રાજયના પોલીસ અધિકારી/ કર્મચારીઓને તા.૨૯.૦૬.૨૦૨૪ કલાક ૧૧:૦૦ વાગ્યે પોલીસ અકાદમી કરાઇ ખાતેથી KU Band મારફતે સંબોધન કરવામાં આવેલ. જે જીવંત પ્રસારણમાં નવસારી જિલ્લાના પોલીસ અધિકારી/ કર્મચારીઓએ ભાગ લીધેલ. |  |

| | |
|---|---|
| ભારતીય બનાવટની ઇગ્લીશ દારૂની બાટલીઓ નંગ – ૧૯૦ કિમંત રૂપિયા ૧૯,૦૦૦/- તથા અન્ય મુદ્દામાલ મળી કુલે રૂપિયા ૮૯,૦૦૦/- ના પ્રોહીબીશન મુદામાલ સાથે એક આરોપીને પકડી પાડી પ્રોહીબીશનનો કેસ શોધી કાઢતી ગણદેવી પોલીસ |  |
| મુંબઇથી અમદાવાદ જતા ટ્રેક ઉપરથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો નંગ – ૫૧૮૪ કિમંત રૂપિયા ૫,૧૮,૪૦૦/- નો પ્રોહીબીશન મુદ્દામાલ સાથે એક આરોપીને પકડી પાડી પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી એલ.સી.બી.નવસારી |  |
| લોખંડના  સળીયા ચોરીનો ગુનો રજીસ્ટર કરી ગુનામાં સંડોવાયેલ આરોપીની ધરપકડ કરતીએલ.સી.બી. નવસારી. |  |
| સાદડવેલ ગામે ગંજીપાના વડે જુગાર રમતા ૦૭ જુગારીઓને રોકડા રૂપીયા ૧૦,૬૦૦/- તથા મોબાઇલ ફોન અને મોટર સાયકલ મળી કુલે રૂપિયા ૧,૫૨,૬૦૦/- નો જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી ચીખલી પોલીસ |  |
| **બીલીમોરા પોલીસ સ્ટેશન વસ્તારમાં મારા મારીના ગુનામાં સંડોવાયેલ માથાભારે વોન્ટેડ આરોપીને પકડી પકડી પાડતી એલ.સી.બી. નવસારી** |  |
| **સુરત ગ્રામ્યના પ્રોહીબીશનના ગણનાપાત્ર કેસમાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી ચીખલી પોલીસ** |  |